ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૨૨ ટકા

# શહેરમાં શાકભાજીની ખરીદીમાં સાવધાની

## શહેરના અમુક ઘરોમાં શાકભાજીનો સંપૂર્ણપણે ત્યાગ : શાકભાજી સિવાય બનતો ખોરાક આરોગવામાં આવી રહ્યો છે


ગાંધીનગર, તા.૨૩

કોરોના વાયરસનો ફેલાવો ફક્ત માણસ - માણસના સંપર્ક થી થતો હતો પરંતુ હાલની પરિસ્થિતિ મુજબ શાકભાજી કરિયાણા કે દવાની દુકાને ખરીદી કરતાં પણ વસ્તુ આપ-લે કરતા પણ ફેલાઈ શકે છે તેમ હેલ્થ એક્સપર્ટ જણાવી રહ્યા છે. જે સંદર્ભે આરોગ્ય સચિવ જયંતિ રવિ દ્વારા જણાવાયું હતું કે શાકભાજી લેવા જાવ ત્યારે થેલી ને બદલે ડોલ લઈને જવું અને શાકભાજીની લારી નીચે ડોલ મૂકી તેમાં શાકભાજી મૂકી દેવી એની અંદર મીઠું અને સોડા નાખી દસ મિનિટ રહેવા દીધા બાદ સાફ કરીને શાકભાજીને ઉપયોગમાં લેવા. આ બાબત અમુક શહેરીજનો અનુસરી રહ્યા છે તો અમુક શાકભાજી વગરના મેનુ પ્લાનને અનુસરી રહ્યા છે. હા, શહેરના અમુક ઘરોમાં શાકભાજીનો સંપૂર્ણપણે ત્યાગ કરવામાં આવ્યો છે અને શાકભાજી સિવાય બનતો ખોરાક આરોગવામાં આવી રહ્યો છે.

શહેરીજનો સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ થઈ રહ્યા છે સાથે કોરોનાનો ચેપ ન લાગે તે માટે સભાનતા પણ દેખાડી રહ્યા છે. શાકભાજી અને ફ્રુટથી કોરોના ફેલાવાની સંભાવના છે તે બાબત જાણતા શહેરીજનોએ અમુક દિવસો માટે શાકભાજીના બદલે અન્ય જમણમાંથી પૂરતો પોષણક્ષમ આહાર બનાવીને આરોગવાનો નિશ્ચય કર્યો છે. અને શાકભાજી વગર બનતા મેન્યુ સોશિયલ મીડિયામાં



હાલ ચર્ચાનો વિષય બન્યો છે આ વાનગીઓમાં ચણાનું શાક, મગનું શાક, કેળાનું શાક અને રોટલી, દાળ-ભાત, કઢી પુલાવ, ઢોસા, ઈડલી, ઢોકળા, બાજરી કે ઘઉંના વડા, અડદની દાળ, ચોખાના પુડલા, દહીંનું વધારયુ, મગ-મઠ, ઘરે બનાવેલા ગાંઠિયાનું શાક, પુરણપોળી , દહીંવડા, બેસન કે મુંગ દાળના ચિલ્લા, મેંદુ વડા, સાંભાર, હાથે બનાવેલી ચટણી, મગની દાળની કચોરી, ભાતના થેપલા, ખાંડવી , પનીર પરોઠા, મગ કે ઘઉંના લોટ નો શીરો, ઘરે બનાવેલા અંગૂઠીયા ગાંઠીયા અને ફાફડા, દાલ ફ્રાય જીરા રાઈસ, હાથે બનાવેલી પાણીપુરી, ચોખાની રોટલી મગ તથા અડદની દાળના ભજીયા, દાળ પકવાન રગડા પેટીસ, ખમણ, રાજમા ચાવલ, છોલે, બેસન રોટલી ,ઘરે બનાવેલું પનીર અને તેની સબ્જી, ઘઉંના લોટની મેગી -નૂડલ્સ, માલપુઆ, દાલ- બાટી, પુરી ભાજી, શિખંડ પુરી સાથે હાથે બનાવેલી કેક, બનાના કેક, ફ્રુટ કેક જેવી અનેક વાનગીઓ બનાવી શહેરીજનો આ લોકડાઉનના દિવસો શાકભાજી વગર પસાર કરી રહ્યા છે. જેમાં ખાસ હોમ મેડ કેક, મૂંગ દાળ ચિલ્લા, હાથે બનાવેલી ઘઉંની મેગી - નૂડલ્સ, કઠોળ, વિવિધ દાળ, અને ઘરે બનાવેલી પાણીપુરી ની પૂરી બનાવવાનો ક્રેઝ છે. આમ શહેરીજનો તેમના પર આવતી તમામ મુશ્કેલીઓનો સામનો કરવા સજ્જ જણાઈ રહ્યા છે.



લૉકડાઉનના ચલતે આજે રખડતા ગાય, કૂતરા, વાંદરા, પક્ષીઓની હાલત ખરેખર ખુબ દયનીય બની છે. રીલાયન્સ અને ટીસીએસના સામેના જંગલમાં વિહાર કરતી નીલગાયોમાં ખસ તેમજ રૂવાંટી ખરી જતી બિમારી જણાય છે અને આનું કારણ ઓછો ખોરાક કે અપુરતા પાણીની વ્યવસ્થા હોઈ શકે તેમ પર્યાવરણવાદી મિત્રોનું માનવું છે.

## રાધે રાધે પરિવારની સેવાને મળી સેનેટાઈઝર ટનલની સુવિધા



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં લૉકડાઉનની સ્થિતિમાં જરૂરીયાતમંદોને અવિરત ભોજન સેવા પુરી પાડતા રાધે-રાધે પરીવાર ગ્રુપના સેક્ટર - ૧૭ ખાતેના સેવાકેન્દ્ર ખાતેથી આ કોરોના મહામારી ચાલુ થઈ ત્યારથી શહેરમાં લગભગ દરરોજ સવાર - સાંજનું થઈ ૧૧૦૦ જેટલા જરૂરીયાતમંદ વ્યક્તિઓને ભોજન પીરસવામાં આવી રહ્યું છે. આ સ્થિતિમાં ઘણા વ્યક્તિઓ સેવાભાવી નાગરિકો વગેરે રાધે રાધે પરિવારના સેવા કેન્દ્રની મુલાકાત લેતા હોય છે ત્યારે ગ્રુપના સ્વયંસેવક મિત્રોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી શાયોના એન્ટરપ્રાઈઝ કંપનીના માલિક સુરેન્દ્રસિંહ વાઘેલાએ ઉદાર હાથે રાધે-રાધે પરીવારને સેનેટાઈઝ ટનલ સમર્પિત કરી છે. તેમના આ સહકાર બદલ સમગ્ર રાધે રાધે પરીવારે તેમનો આભાર માન્યો હતો.



આજે શહેરમાં પવનની માત્રા સારા એવા પ્રમાણમાં રહી હતી જેને પગલે સેકટર-૨૩માં સોલાર પેનલનો થાંભલો સોસાયટીના ઘર આગળ પડી જવાથી ઘર આગળનો રસ્તો બંધ થતા આજુબાજુમાં રહેતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

## ઈન્દ્રોડા સાબરમતી નદીના કોતરોમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩

કોરોનાને પગલે હાલમાં લોકડાઉન ચાલી રહ્યું છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે નાગરીકો ઘરમાં પુરાઈ રહે છે. ત્યારે લોકડાઉન વચ્ચે ગાંધીનગર શહેરને અડીને આવેલા ઈન્દ્રોડા ગામે બપોરના સુમારે સાબરમતી નદીના કોતરોમાં લોકડાઉનમાં જુગાર રમતા પાંચ જુગારીઓને એલસીબી પોલીસે પકડી પાડ્યા છે અને કુલ રૂ.૩૧૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ લોકડાઉનને પગલે ગાંધીનગર એલસીબી પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી. જેથી પોલીસે ઈન્દ્રોડા સાબરમતિ નદીના કોતરોમાં બપોરના સુમારે રેઈડ પાડીને બાવળના ઝાડની નીચે ટોળુ વળીને જુગાર રમતા ગામના જ સવધાનજી લાલાજી સોમાજી ઠાકોર, બળદેવ અભરાજી સોમાજી ઠાકોર, મહેશજી દશરથજી મંગાજી ઠાકોર, શંકર રતુજી ગાંડાજી ઠાકોર, દિનેશ ડાહ્યાજી છગુજી ઠાકોરને પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી રોકડ રૂ.૧૦૦ અને અંગજડતી દરમિયાન મળીને કુલ રૂ.૩૧૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી પાંચેય જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લૉકડાઉનમાં કેમેરાનું શટર ડાઉન થતાં ફોટોગ્રાફર્સ-વિડિયોગ્રાફર્સ ચિંતાતુર

## ઉનાળુ લગ્ન સમારંભો સહિત તમામ શુભ પ્રસંગો કે અન્ય સામાજિક-સરકારી અને સંસ્થાકીય આયોજનો પણ લૉકડાઉનના લીધે મુલત્વી રહેતા આ સીઝનેબલ ધંધા સાથે સંકળાયેલાને મોટો ફટકો

ગાંધીનગર, તા. ૨૩

કોરોના વાયરસ સંક્રમણના પગલે દેશભરમાં લાગુ પાડવામાં આવેલા લૉકડાઉનને કારણે મોટાભાગના વેપાર ધંધા ઠપ થઈ જવા પામ્યા છે. સરકાર દ્વારા શ્રમજીવી જરૂરિયાતમંદોને તેમજ ગરીબ વર્ગને વિનામૂલ્યે અનાજ વિતરણ સહિત રોકડ સહાય પૂરી પાડવામાં આવી રહી છે. બીજી તરફ મધ્યમવર્ગ જે કોઈ નાનો મોટો વ્યવસાય કરતા હતા તેમના ધંધા વ્યવસાય ઠપ થઈ જવાને કારણે કફોડી સ્થિતિમાં મુકાયો છે. હાલની સ્થિતિમાં કોઈપણ પ્રકારના લગ્ન કે અન્ય શુભ પ્રસંગોના આયોજનો, સ્નેહમિલન સમારંભો, સાંસ્કૃતિક કાર્યક્રમો, સામાજિક કે સરકારી મેળાવડા અથવા અન્ય કોઈ સભા કે સરઘસ વગેરે પર પ્રતિબંધ હોવાને કારણે ફોટોગ્રાફી-વિડિયોગ્રાફીના વ્યવસાય સાથે સંકળાયેલા વ્યવસાયકારોના સીઝનેબલ ધંધા બંધ હોવાથી તેમની હાલત કફોડી બની રહી છે.

### જાન્યુઆરી-ફેબ્રુઆરીની સીઝનની ઉઘરાણી પણ ફસાઇ

ખુશી સ્ટુડિયોના દિપક વ્યાસે જણાવ્યું હતું કે જાન્યુઆરી-ફેબ્રુઆરી માસની લગ્ન સીઝન માંડ પતી અને તે દરમ્યાન કરેલાં ઓડર્સના આલ્બમ-સીડી વગેરે પ્રોસેસિંગમાં હતા ત્યારે જ અચાનક ભારત સરકારે લૉકડાઉનનો નિર્ણય લેતાં પ્રિન્ટિંગ ઈન્ડસ્ટ્રીઝ પણ બંધ થઈ જવાથી એ બધા કામ અધુરાં પડયાં છે. આ સ્થિતિમાં જેમના ઓર્ડર્સ કર્યા છે તેઓ એડવાન્સ સિવાયનું બાકીનું પેમેન્ટ પણ ચુકવતા નથી તેથી તે સીઝનની ઉઘરાણી પણ ફસાઈ જતાં અને ઉનાળું લગ્ન સીઝન પણ કેન્સલ થવાથી આખા વર્ષની કમાણી ખોવાનો વારો આવ્યો છે. આ સ્થિતિમાં ભાડે કેમેરા લાવીને કામ કરતા નાનાથી મોટા તમામ ફોટોગ્રાફર્સ કે વિડિયોગ્રાફર્સની હાલત કફોડી બની છે.

ફોટોગ્રાફર એસોસિએશન ઓફ ગાંધીનગરના સભ્યો દ્વારા સરકારે આ બાબતે ધ્યાન આપવું જોઈએ તેવી ભાવના વ્યક્ત કરવામાં આવી છે કેમ કે આ સ્થિતિમાં ફોટોગ્રાફર્સને પોતાનું ઘર ચલાવું ખુબ અઘરું પડી રહ્યું છે કારણ કે ઘણા ફોટોગ્રાફર્સ એવા છે જે ખાલી મેરેજ ફોટોગ્રાફીનું જ કામ કરે છે તેમની પાસે આવકનો અન્ય કોઈ સ્ત્રોત નથી. અનેક ફોટોગ્રાફર્સ તો ભાડે કેમેરા લાવી ને કામ કરતા હોય છે, હવે આ ઉનાળુ લગ્ન સીઝન રદ થવાના લીધે તેમને પોતાનું ઘર કેવી રીતે ચલાવવું એ એક મોટો સવાલ છે કારણ કે હવે બીજી લગ્ન સીઝન છેક નવેમ્બરમાં આવશે ત્યાં સુધીના ૬ મહિના પોતાના પરિવારનું ભરણ પોષણ કરવું એ તેમના માટે મોટો પડકાર છે. ફોટોગ્રાફર એસોસિએશન ઓફ ગાંધીનગરના સભ્ય દિપક વ્યાસે જણાવ્યું હતું કે ‘મેરેજ ફોટોગફીના ઓર્ડરની સાથે ઘણા ફોટોગ્રાફર્સ સરકારી ફોટોગ્રાફીનું કામ પણ કરે છે જેમાં તેઓ સરકારના કાર્યક્રમમાં ફોટોગ્રાફી કરતા હોય છે જે પણ અત્યારે બંધ હોવાથી જરૂરીયાતમંદ ફોટોગ્રાફર્સ - વીડિઓગ્રાફર્સને સરકારે મદદ કરવી જોઈએ તેવી અમારી માંગણી છે.’

## કુડાસણ અક્ષત હેવન પાસેથી દુધ, દહી અને છાશના કેરેટ ચોરાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના ન્યું કુડાસણ વિસ્તારમાંથી વહેલી સવારે દુધ, છાશ અને દહીના કેરેટની ચોરી થવા પામી છે. પાર્લર સંચાલકે ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ. ૧૩,૯૯૨ નો મુદ્દામાલની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોરને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ કોબા પ્રેક્ષા ભારતી પાસે સહયોગ ગ્રીન્સ ખાતે સી-૧૦૩ ખાતે રહેતા બાબુજી ગોપાલજી વિહોલા (ઉં.૬૫)નું કુડાસણ વિસ્તારમાં અક્ષત હેવન પાસે દુકાન નં-૪૪માં દેવકી પાર્લર નામની દુકાન ધરાવે છે. જેમાં દરરોજ સવારે ૨૮ કેરેટ દુધ, છાશ અને દહીના આવે છે. આજે સવારે બાબુજી સવારે પાર્લર ખાતે આવ્યા હતા. ત્યારે જોયુ તો માત્ર ૧૨ કેરેટ જ હતા, જેથી તેઓએ ગાડીના ડ્રાઈવરને કોલ કરીને પુછતા તેણે દરરોજ ઉતારે છે તેટલા જ કેરેટ ઉતાર્યા હોવાનું જણાવ્યું હતું. જયારે દુકાનદારે તપાસ કરતા દુધના ૧૧ કેરેટ, છાશના ૪ અને દહી-૧ કેરેટ ઓછુ હતું. જેથી દુકાનદારે આસપાસના સીસીટીવી ચેક કરતા લોડીંગ રીક્ષામાં કેરેટ લઈ જતા દેખાય છે. જેથી વેપારીએ ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ૧૩,૯૯૨ ના મુદ્દામાલની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર ઈસમને પકડી પાડવા માટે તપાસ શરુ કરી છે.



કોરોનાને પગલે જયારે સમગ્ર નાગરિકોને સતર્કતા સાથે સજાગતા રાખવા જણાવાયું છે ત્યારે ગાંધીનગરના સે-૮ ખાતે શોપીંગમાં આવતા ગ્રાહકોની સુવિધા અર્થે સુંદર સગવડ કરવામાં આવી છે.

### ચિરવિદાય

- સ્વ. સોલંકી શકરીબેન કાન્તીલાલ, ઉ.વ. ૮૫
- સ્વ. પદ્યુમનસિંહ કેશરીસિંહ બિહોલા, ઉ.વ. ૪૨
- સ્વ. સમુબેન ચીમનભાઈ વળીયેલ, ઉ.વ. ૬૫
- સ્વ. ભટ્ટ બિપીનચંદ્ર રમણલાલ, ઉ.વ. ૭૬
- સ્વ. પરમાર અરૂણાબેન બાબુલાલ, ઉ.વ. ૬૫
- સ્વ. ભાનુસાલી મનુભાઈ વિક્રમભાઈ, ઉ.વ. ૩૮

# સનસેટ મેડીકલ રીલીફ ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા થતી મેડિકલ કેમ્પની પ્રવૃતિને એક દાયકો પૂર્ણ

## ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તથા રાજભવન ગાંધીનગર ખાતે ફરજ બજાવતા ડોક્ટરો તથા પેરામેડિકલ સ્ટાફ દ્વારા સરકારી ફરજ પછીના વધારાના સમયમાં થતી સમાજોપયોગી પ્રવૃત્તિનો લાભ ગાંધીનગરથી ૭૫ કી.મી ની ત્રિજ્યામાં આવેલા કુલ ૧૮ વૃધ્ધાશ્રમ ખાતે રહેતા ૭૧૦ જેટલા દાદા-દાદીને આપવામાં આવ્યો છે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર આસપાસ સતત છેલ્લા લગભગ દસેક વર્ષથી (૨૨-૪-૨૦૧૦ થી ૨૨-૪-૨૦૨૦) એટલે કે એક દાયકાથી સેવાકીય પ્રવૃત્તિ ચલાવતી સનસેટ મેડીકલ રીલીફ ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટસાથે સંકળાયેલ તમામ વ્યકિતઓ અભિનંદનને પાત્ર છે.

આ ટ્રસ્ટ દ્વારા થતી વૃધ્ધાશ્રમ ખાતેની મેડિકલ કેમ્પની સેવાકીય પ્રવૃતિ નો આજે એક દાયકો પૂર્ણ થયો. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તથા રાજભવન ગાંધીનગર ખાતે ફરજ બજાવતા ડોક્ટરો તથા પેરામેડિકલ સ્ટાફ દ્વારા સરકારી ફરજ પછીના વધારાના સમયમાં થતી આ સમાજોપયોગી પ્રવૃત્તિનો લાભ ગાંધીનગર થી ૭૫ કી.મી ની ત્રિજ્યામાં આવેલા ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા તથા સાબરકાંઠા જિલ્લામાં આવેલા કુલ ૧૮ વૃધ્ધાશ્રમ ખાતે રહેતા ૭૧૦ જેટલા દાદા-દાદી ને છેલ્લા ૧૦ વર્ષમાં તબક્કાવાર દર બે મહિને આયોજીત કુલ ૮૧૫ જેટલા કેમ્પ થકી આપવામાં આવ્યો છે. વૃધ્ધાશ્રમ ખાતે રહેતા હાયપર ટેન્શન, ડાયાબીટીસ, થાઈરોઈડ, અસ્થમા વગેરે જેવા રોગોમાં કાયમ અને રેગ્યુલર દવા લેવાની જરૂર હોય તેવા રોગો ધરાવતા દાદા-દાદીને સતત આ રોગોની દવા ઓ પુરી પાડવામાં આવે છે. આ ઉપરાંત દરેક ને જરુરી ઓપીડી ને લગતી દવાઓ તથા આ ઊંમરે જરૂરી કેલ્શીયમ, વિટામિન, વિકસ





બામ, દુખાવાની ટયુબો, વાઢિયા નો મલમ વગેરે પણ પુરા પાડવામાં આવે છે. આ ઉપરાંત જરૂરી વ્હીલચેર, વોકર, ઘોડી વગેરે પુરા પાડવામા આવે છે. તમામ કામગીરી ડોનેશનથી મળેલ નાણાં થી તદ્દન નિઃશુલ્ક કરવામાં આવે છે. કેમ્પની કામગીરીમાં સંકળાયેલા તમામ ડોક્ટરો, પેરામેડિકલ સ્ટાફ તથા એડમિનિસ્ટ્રેશન ઓથોરિટી નો સતત ૧૦ વર્ષ નો અવિરત પ્રયાસ ખરેખર અભિનંદનીય છે. આ ઉપરાંત તમામ દાતાશ્રીઓ ના પણ તેઓ આભારી છે.

આમ તો દરેક વખતે તમામ દાદા-દાદીને કાયમી લેવી પડે તેવી દવાઓ બે મહિનાા રેગ્યુલર ડોઝ ઉપરાંત ૨-૩ સ્ટ્રીપ વધારાની આપવામાં આવે છે જેથી આકસ્મિક સંજોગોમાં દવાઓમાં તુટ ના પડે. હાલ ની કોરોના મહામારી અંતર્ગતની લોકડાઉનની પરિસ્થિતિમાં ચાલુ એપ્રિલ તેમજ આગામી જૂન ૨૦૨૦ ના કેમ્પ ટેમ્પરરી ધોરણે સ્થગિત રાખી તમામ દાદા-દાદીના કેસ ફાઈલના આધારે તમામ દવાઓના પેકેટ બનાવી જે તે વૃધ્ધાશ્રમોમાં પહોચાડવા એવી વૈકલ્પિક વ્યવસ્થા પણ વિચારવામાં આવી છે.

આ તમામ કેમ્પની કામગીરી ડો. શશાંક સિપ્પી, ડો. પરેશ ગજ્જર, ડો.વિનયકુમાર, વય નિવૃત ડો.આર.એચ. ચૌહાણ સાહેબ, ડો.જે.જે.પરમાર સાહેબ, યોગેશ ભાઈ ગાંધી સાહેબ તથા શાંતિભાઈ મેકવાન તથા સ્ટાફ બ્રધર રોહિત નાયી, વિશાલ ત્રિવેદી, સચિન પટેલ, હાકમસિહ, મિતેશ પટેલ, પાર્થ, દર્શન વગેરે દ્વારા કરવામાં આવી રહી છે. હાલની કોવિદ ૨૦૧૯ ની પરિસ્થિતિમાં સમગ્ર દુનિયામાં ચારે બાજુ અરાજકતા તથા પેનિક સહિત નકારાત્મક ઊર્જા જોવા મળે છે ત્યારે આવી માનવીય સંવેદના સાથે થતી સમાજોપયોગી પ્રવૃત્તિ ઓ એક હકારાત્મક અભિગમનું સમાજમાં સિંચન કરી કોરોના સાથેની લડાઈમાં આપણને ચોક્કસ વિજય અપાવશે.